

# કૃષિ ઉત્પાદન અને

# બજાર દર્શન

કૃષિ ઉદય...


ખંડ-૪

અંક-૩

માર્ચ ૨૦૧૮



અધ્યક્ષ:
પ્રો. શિરીષ આર. કુલકર્ણી

માનનીય સલાહકાર :
ડૉ. મહેશ પાઠક

મુખ્ય સંપાદક :
ડૉ. એસ. એસ. કલમકર

સહસંપાદક :
ડૉ. એચ. પી. ત્રિવેદી
ડૉ. ડી. જે. ચૌહાણ

સંપાદક :
ડૉ. હેમંત શર્મા

વિષય સંપાદક :
ડૉ. એસ. આર. ભૈયા
ડૉ. વિજય એસ. જરીવાલા
ડૉ. એમ. એન. સ્વેન
શ્રી એમ. મકવાણા

પ્રસાર પ્રભારી :
શ્રી દીપ કે. પટેલ



પ્રકાશક :
એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટર,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
આણંદ, ગુજરાત



E-mail: director.aerc@gmail.com
website: www.aercspu.ac.in


## દેશમાં ૨૦૧૭-૧૮માં અનાજનાં ઉત્પાદનનો અહેવાલ...

કૃષિ, સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગ, નવી દિલ્હી દ્વારા ૨૦૧૭-૧૮ માટે મુખ્ય પાકના ઉત્પાદનનો બીજો અગ્રીમ અંદાજ રજૂ કરવામાં આવ્યો છે. જે રાજ્યો પાસેથી મળેલી વિવિધ પાકના ઉત્પાદનના મૂલ્યાંકન આંકડાઓ અને અન્ય સ્ત્રોતોથી ઉપલબ્ધ માહિતી પર આધારિત છે.

૨૦૧૭-૧૮ માટે બીજા અગ્રીમ અંદાજ મુજબ વિવિધ પાકોનું અંદાજીત ઉત્પાદન નીચે મુજબ છે.

### અનાજ – ૨૭૭.૪૯ મિલિયન ટન (વિક્રમજનક ઉત્પાદન)

- ચોખા – ૧૧૧.૦૧ મિલિયન ટન (વિક્રમજનક ઉત્પાદન)
- ઘઉં – ૯૭.૧૧ મિલિયન ટન
- બરછટ અનાજ – ૪૫.૪૨ મિલિયન ટન (વિક્રમજનક ઉત્પાદન)
- મકાઇ – ૨૭.૧૪ મિલિયન ટન

**BUMPER HERVEST**

•Total estimated foodgrain production during 2017-18 (July-June)

**277.49** million tonnes (MT) crop year

(Its an all-time record)

| * Crop year (Jul-Jun) | Product (in MT) |
|---|---|
| 2012-13 | 257.13 |
| 2013-14 | 265.04 |
| 2014-15 | 252.02 |
| 2015-16 | 251.57 |
| 2016-17 | 275.11 (previous record) |
| 2017-18 | 277.49 (estimated) |

(વિક્રમજનક ઉત્પાદન)

- કઠોળ - ૨૩.૯૫ મિલિયન ટન (વિક્રમજનક ઉત્પાદન)
- ચણા - ૧૧.૧૦ મિલિયન ટન (વિક્રમજનક ઉત્પાદન)
- તુવેર - ૪.૦૨ મિલિયન ટન
- અડદ - ૩.૨૩ મિલિયન ટન (વિક્રમજનક ઉત્પાદન)

## તેલિબિયાં – ૨૯.૮૮ મિલિયન ટન (વિક્રમજનક ઉત્પાદન)

- ચોખા - ૧૧૧.૦૧ મિલિયન ટન
- સોયાબિન- ૧૧.૩૯ મિલિયન ટન
- મગફળી-૮.૨૨ મિલિયન ટન
- એરંડા-૧.૫૦ મિલિયન ટન
- કપાસ - ૩૩.૯૨ મિલિયન ગાસડી (૧૭૦ કીલો)
- શેરડી - ૩૫૩.૨૩ મિલિયન ટન

દેશમાં વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન ૧૦૯.૭૦ મિલિયન ટન ચોખાનું ઉત્પાદન હતું કે જે પાંચ વર્ષનાં સરેરાશ ઉત્પાદન ૧૦૬.૨૯ મિલિયન ટનમાં ૧.૩૧ મિલિયન ટન વધારો દર્શાવે છે.

ઘઉંના ઉત્પાદનનો અંદાજ ૯૭.૧૧ મિલિયન ટન છે કે જે ૨૦૧૬-૧૭ માં ૯૮.૫૧ મિલિયન ટન વિક્રમજનક ઉત્'ાદન કરતાં ૧.૪૦ મિલિયન ટન જેટલું જ ઓછું છે. જો કે, ૨૦૧૭-૧૮ દરમ્યાન ઘઉંનુ ઉત્પાદન અગાઉના ઘઉંના સરેરાશ ઉત્પાદન કરતાં ૩.૭૭ મિલિયન ટન વધારે છે.

બરછટ અનાજનું ઉત્પાદન ૪૫.૪૨ મિલિયન ટન વધારે હોવાનો અનુમાનિત અંદાજ છે, જે સરેરાશ ઉત્પાદન કરતાં ૩.૭૨ મિલિયન ટન વધારે છે. વધુમાં, તેનું ઉત્પાદન ૨૦૧૬-૧૭માં ૪૩.૭૭ મિલિયન ટનની સરખામણીએ ૧.૬૫ મિલિયન ટન વધુ છે.

વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન કુલ કઠોળનું ૨૩.૯૫ મિલિયન ટન વિક્રમ ઉત્પાદન હોવાનો અંદાજ છે, જે પાછલા વર્ષનાં ૨૩.૧૩ મિલિયન ટનના ઉત્પાદન કરતાં ૦.૮૨ મિલિયન ટન જેટલું વધારે છે. વધુમાં, ૨૦૧૭-૧૮ દરમ્યાન કઠોળનું ઉત્પાદન પાંચ વર્ષના સરેરાશ ઉત્પાદન ૫.૧૦ મિલિયન ટન કરતાં વધારે છે.

વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન દેશમાં કુલ તેલીબિંયાનું ઉત્પાદન ૨૯.૮૮ મિલિયન ટન થવાની ધારણા છે, જે વર્ષ ૨૦૧૬-૧૭ માં ૩૧.૨૮ મિલિયન ટનનાં ઉત્પાદન કરતાં ૧.૩૯ મિલિયન ટન ઓછું છે. જો કે, તેલીબિંયાનું ઉત્પાદન સરેરાશ



તેલીબિંયાંના ઉત્પાદન કરતા ૦.૩૪ મિલિયન ટન જેટલું નજીવું વધારે છે.

વર્ષ ૨૦૧૬-૧૭ની સરખામણીમાં ૪૭.૧૬ મિલિયન ટનની નોંધપાત્ર વૃદ્ધિ સાથે, ૨૦૧૭-૧૮ દરમ્યાન દેશમાં શેરડીનું કુલ ઉત્પાદન ૩૫૩.૨૩ મિલિયન ટન હોવાનો અંદાજ છે. વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન શેરડીના સરેરાશ ૩૪૨.૦૨ મિલિયન ટનની સરખામણીએ ઉત્પાદનમાં ૧૧.૧૯ મિલિયન ટન જેટલો વધારો જોવા મળ્યો છે.

કપાસનું ઉત્પાદન ૩૩.૯૨ મિલિયન ગાંસડી (૧૭૦ કીલો)નો અંદાજ છે. જે અગાઉના વર્ષના કપાસનાં ઉત્પાદન ૩૨.૫૮ મિલિયન ગાંસડીના ઉત્પાદન કરતાં ઉંચુ છે. વધુમાં કપાસનાં સરેરાશ ઉત્પાદન ૩૩.૫૦ મિલિયન ગાંસડી કરતાં ૦.૪૧ મિલિયન ગાંસડી જેટલું વધારે છે.

શણ અને મેસ્ટાનાં ઉત્પાદનનો અંદાજ ૧૦.૧૫ મિલિયન ગાંસડી (૧૮૦ કિલો) છે કે જે ૨૦૧૬-૧૭ દરમ્યાન તેનાં ઉત્પાદન કરતાં નીચું છે.

## ૨૦૧૪–૧૭ દરમ્યાન દૂધના ઉત્પાદનમાં ૨૦%ના વધારો : કૃષિ મંત્રાલય




કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શ્રી રાધામોહન સિંઘના જણાવ્યા પ્રમાણે ૨૦૧૪ થી ૨૦૧૭ વચ્ચે દેશમાં દૂધ ઉત્'ાદન ૧૩૭.૭૭ મિલિયન ટનથી વધીને ૧૬૫.૪ મિલિયન ટન થયુ છે. વધુમાં,

૨૦૧૩-૧૪ અને ૨૦૧૬-૧૭ વચ્ચે દૂધની માથાદીઠ પ્રાપ્તિમાં ૧૫.૬ ટકા વધારો થતાં તે ૩૦૭ ગ્રામ પ્રતિ દિવસથી વધીને ૩૫૫ ગ્રામ પ્રતિ દિવસથી થઇ ગઇ છે. તેમણે જણાવ્યું હતું કે ૨૦૧૮ના બજેટમાં પશુપાલન પર વિશેષ ભાર મૂક્યો હતો. રૂ.૨૪૫૦ કરોડના ભંડોળ સાથે, સરકારે પશુપાલન ક્ષેત્રની આંતરમાળખાકીય જરૂરિયાતો પર ધિરાણ કરવા માટે એક પશુપાલન આંતરમાળખાકીય વિકાસ ફંડ (એએચઆઇડીએફ)ની સ્થાપના કરી છે. પશુપાલકોની કાર્યકારી મૂડીની જરૂરિયાતને પહોંચી વળવા માટે સરકાર દ્વારા મત્સ્યઉદ્યોગ અને પશુપાલકો માટે કિસાન ક્રેડિટ કાર્ડની સુવિધા વધારવામાં આવી છે.

## વેપારીઓની ૨૦૧૮-૧૯માં કઠોળ આયાત જથ્થા પર પ્રતિબંધ મૂકવાની માંગ.....



મોટાભાગના કઠોળના ભાવો ટેકાના ભાવોથી નીચા જવાના કારણે પ્રોસેસર્સ અને વેપારીઓએ સરકાર સમક્ષ માર્ચ અંત સુધીમાં પ્રતિબંધિત આયતો રોકવાની માંગણી કરી છે. ભારતે કઠોળની વાર્ષિક આયાતના ૫ મિલિયન ટન ક્વોટા પર પ્રતિબંધ લાદ્યો છે, જો તે ન જળવાય તો દેશમાં કઠોળના જથ્થામાં વધારો થશે. ઔદ્યોગિક એકમોના પ્રતિનિધિ મંડળે સોમવારે કેન્દ્રિય પેટ્રોલિયમ મંત્રીશ્રી ધર્મેન્દ્ર પ્રધાનને મળીને વિનંતે કરી હતી કે એપ્રિલ, ૨૦૧૮ થી શરૂ થતા વર્ષમાં ૫ મિલિયન ટન કઠોળની આયાતને મંજૂરી ન આપવી. હાલમાં મોટેભાગે કઠોળમાં, મગ અને ચણાની કિંમતો કાપણીની સિઝનને લીધે ટેકાના ભાવો (એમએસપી) કરતાં નીચા છે.

જે કઠોળનું વાવેતર કરતાં ખેડૂતોમાં અશાંતિ ઉભી કરશે. ઓગસ્ટ,૨૦૧૭માં સરકારે તુવેર, મગ અને અળદની આયાત પર પ્રતિબંધ મૂક્યો હતો. તુવેર, મગ અને અળદની મુકત આયાત પર નિયંત્રણ લાવવા માટે ૨ મિલિયન ટન તુવેર આયાત અને મગ, અળદ ૩ મિલિયન ટન આયાતનો એકત્રીકરણ લાદવામાં આવ્યો છે. એક દાયકાથી વધુ સમય માટે આયાતની મંજૂરીને ગયા વર્ષે દૂર કરવાથી કઠોળની નિકાસ ગયા વર્ષે થઇ હતી. જો કે, બંને પગલાં સ્થાનિક ભાવોને ટેકો આપવા માટે મદદરૂપ રહ્યાં ન હતા. સરકારી અંદાજો અનુસાર, ભારતે એપ્રિલ, ૨૦૧૭ અને નવેમ્બર, ૨૦૧૭ વચ્ચે ૪.૭ મિલિયન ટન કઠોળની આયાત કરી હતી, કે જે વર્ષ ૨૦૧૬-૧૭માં દેશની કુલ આયાતના ૭૧ ટકા જેટલી હતી અને ૨૦૧૫-૧૬ના વર્ષની કુલ આયાતના ૮૦.૮ ટકા જેટલી હતી.

## કૃષિ અને સંબંધિત ક્ષેત્રોમાં નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮માં મધ્યમ વૃદ્ધિ જોવા મળશેઃસીએસઓ



કૃષિ અને સંબંધિત ક્ષેત્રોમાં ૨૦૧૭-૧૮માં ૩ ટકાના દરે ધીમી ગતિએ વધવાની ધારણા છે, જે ગયા વર્ષે ૬.૩ ટકા હતો. ગયા વર્ષે થયેલ ઉંચી વૃદ્ધિને કારણે કૃષિક્ષેત્રની વૃદ્ધિ મધ્યમ રહેવાની ધારણા છે. તેના બીજા અગ્રીમ અંદાજમાં, કેન્દ્રિય આંકડા સંસ્થા (સીએસઓ)એ કૃષિ અને સંબંધિત ક્ષેત્રોમાં કુલ મૂલ્ય વૃદ્ધિનો (જીવીએ) દર ૨૦૧૭-૧૮ માટે ૩ ટકા રાખવાનો અંદાજ મૂક્યો છે, જે ૨૦૧૧-૧૨ના સ્થિર ભાવોને ધ્યાનામાં રાખીને કરેલ છે. કૃષિમાં કુલ મૂલ્ય વૃદ્ધિના વિકાસના અંદાજ અંગેનો કેન્દ્રિય આંકડા સંસ્થા (સીએસઓ)નો અભિગમ પ્રાયોગિક ઉત્પાદન આધારિત છે. વર્ષ ૨૦૧૬-૧૭માં અનાજનું વિક્રમી ઉત્પાદન નોંધાયુ હતું અને ૨૦૧૫-૧૬ના પાયાના વર્ષમાં (વર્ષ ૨૦૧૬-૧૭ કુલ મૂલ્ય વૃદ્ધિના વિકાસની ગણતરી માટે) તે એક દુકાળગ્રસ્ત વષ હતું. કૃષિમાં કુલ મૂલ્ય વૃદ્ધિ એ ૨૦૧૬-૧૭ના નાણાંકીય વર્ષમાં ઉંચી વૃદ્ધિ નોંધાવી હતી. વર્ષ ૨૦૧૭-૧૮ પાક વર્ષમાં (જુલાઇ-જૂન) સરકારનો અંદાજ અનાજનું ઉત્પાદન ગયા વર્ષના ૨૭૫.૧૧ મિલિયન ટન સામે ૨૭૭.૪૯ મિલિયન ટન હોવાનો અંદાજ છે. સરકારે કૃષિક્ષેત્રના વિકાસ માટે અને ખેડૂતના કલ્યાણ માટે કૃષિ પાકોના ઉત્પાદન અને ઉત્પાદકતામાં વધારો અને ખેડૂતોની આવકમાં વધારો કરવા માટે ઘણી બધી યોજનાઓ શરૂકરી છે.

## સરકારે બીટી કપાસના બિયારણનો ભાવ રૂ.૭૪૦ પ્રતિ પેકેટ કરી ઘટાડ્યા....



ખેડૂતોને કપાસના રોગના હુમલાથી રાહત પહોંચાડવા માટે સરકારે આનુવંશિક ફેરફારવાળા (જીએમ) બીટી કપાસના બીજનો મહત્તમ વેચાણ ભાવ બીજા વર્ષ માટે રૂ.૮૦૦ થી ઘટાડીને રૂ.૭૪૦ કરી દીધો છે. ઉપરાંત, રોયલ્ટી ફી અથવા ગુણવત્તાના મૂલ્યને સ્થાનિક કંપનીઓ દ્વારા તકનિકી વિકાસ કંપની મોન્સેન્ટો મહિકો બાયોટેક (ઇન્ડિયા) લિ. (એમએમબીએલ) માટે જે ચૂકવવામાં આવે છે તે રૂ.૪૯ થી ઘટાડીને રૂ.૩૯ કરવામાં આવ્યા છે. નવા ભાવ ૨૦૧૮ની ખરીફ સીઝનથી અમલમાં આવશે. બીટી કપાસ બીજનું એક પેકેટ ૪૫૦ ગ્રામનું હોય છે.

આ પગલાંથી ૮ મિલિયન કપાસના ખેડૂતોને લાભ થશે, પરંતુ સ્થાનિક બીજ કંપનીઓ અને મોન્સેન્ટો મહિકો બાયોટેક (ઇન્ડિયા) લિ. (એમએમબેએલ)ના નફામાં ઘટાડો થશે. કૃષિ મંત્રાલયની સૂચના મુજબ, બીટી કપાસના બીજ પેકેટની મહત્તમ વેચાણ કિંમત બોલગાડ-૨ (બી.જી.) આવૃતિ માટે રૂ.૭૪૦ નક્કી કરવામાં આવેલ છે, જેમાં લક્ષિત મૂલ્ય માટે રૂ.૩૯નો પણ સમાવેશ થાય છે. બોલગાર્ડ-૧ (બી.જી.) આવૃતિ માટે પેકેટ દીઠ મહત્તમ વેચાણ કિંમત રૂ.૬૩૫ યથાવત રાખવામાં આવી છે. જેમાં કોઇ લક્ષિત મૂલ્યનો સમાવેશ થતો નથી.

ભાવમાં ઘટાડાથી કપાસના ખેડૂતોને થોડી રાહત મળશે કે જેઓ વારંવાર રોગના હુમલા અને પાકના નુકસાનથી પ્રભાવિત થયા છે. માર્ચ ૨૦૧૬ થી એક સમાન મહત્તમ વેચાણ કિંમત નક્કી કરીને સરકારે જીએમ આવૃતિ સહિત કપાસના બીજના ભાવોને નિયંત્રિત કરવાનું શરૂ કર્યું છે. બીટી કપાસ એ માત્ર એક આનુવંશિક ફેરફારવાળો (જીએમ) પાક છે, જે દેશમાં રોકડીયા પાકના વાવેતર માટે જાણીતો છે. છેલ્લાં એક દાયકાથી દેશના કુલ કપાસના વાવેતરમાં ૯૫ ટકા હિસ્સો બીટી કપાસના વાવેતર હેઠળ છે, જેથી ભારત દેશ રોકડીયા પાકનો બીજો સૌથી મોટો ઉત્પાદક અને નિકાસકારક દેશ બન્યો છે. ૨૦૧૮-૧૯ના પાક વર્ષમાં કપાસનું ઉત્પાદન ૩૩.૯૨ મિલિયન ગાંસડી (૧૭૦ કિલો) હોવાનો અંદાજ છે, જે ગયા વર્ષે ૩૨.૫૮ મિલિયન ગાંસડી હતું.

*Wish You*
*Happy Economic New Year*
*2018-19*

Book Post

To,

DOI : May 29, 2018

From:
**Agro-Economic Research Centre**
*For the states of Gujarat and Rajasthan*
(Ministry of Agriculture & Farmers Welfare, Govt. of India)
H.M. Patel Institute of Rural Development,
Opp. Nanadalaya Temple, Post Box No. 24,
**Sardar Patel University**
Vallabh Vidyanagar 388120, Anand, Gujarat
Ph.No. +91-2692-230106, 230799, Fax- +91-2692-233106
E-mail : director.aerc@gmail.com
Website: www.aercspu.ac.in

*Acknowledged the information used/taken from the public domain*

Uni. Press